# કડી સર્વ વિદ્યાલય ખાતે યોજાયેલ ઈન્ટરકૉલેજ વૉલીબોલ સ્પર્ધા




ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજ્યુકેશન દ્વારા ઈન્ટરકૉલેજ વોલીબોલ (ભાઈઓ)ની સ્પર્ધા યોજાઈ હતી. તેમાં કુલ-૧૧ ટીમોએ ભાગ લીધો હતો. અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગર અને ભોળાભાઈ પટેલ બીસીએ, ગાંધીનગર વચ્ચે ફાઈનલ રમાઈ હતી.

તેમાં અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજનો ૨-૧થી વિજય થયો હતો. આ સમગ્ર સ્પર્ધાનું આયોજન અને સંચાલન કડી યુનિ.ના ફીઝીકલ એજ્યુકેશનના ડાયરેકટર ડૉ. રણછોડ રથવી તથા પ્રો. નોરીન વૈપન્ના, પ્રો. હરીશ વનાર, હર્ષદ ચૌધરી, હર્ષ પટેલ, ચાવડા ભરતે સ્પર્ધા સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

ચીફ રેફરી તરીકે હરેશભાઈ ચૌધરીએ સેવા આપી હતી. ચેમ્પિયન ટીમને અને રનર્સ અપ ટીમને યુનિ.ના ફીઝીકલ એજ્યુકેશનના ડાયરેકટર ડૉ. રણછોડ રથવી એ અભિનંદન પાઠવ્યા હતા.




સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર ખાતે ગુજરાત કાઉન્સિલ ઓફ સાયંન્સ એન્ડ ટેકનોલોજીના સહયોગ થી એક દિવસીય સેમીનાર કે જેમાં મહિલા વિદ્યાર્થીઓ ને સ્ટાર્ટ અપ, ઈનોવેશન, પેટન્ટ અને ઉદ્યોગ સાહસિકતા અંગે ખુબ જ રસપ્રદ માહિતી આપવામા આવી હતી. આ કાર્યક્રમમાં ૧૦૦ વિદ્યાર્થીઓ એ લાભ લીધો અને તેમાં GUJCOST તથા NIDના તજજ્ઞો, પેટન્ટ એટર્ની, અને મહિલા ઉદ્યોગ સાહસિકો એ વિદ્યાર્થીઓ ને માહિતગાર કર્યા હતા. વિવિધ લેક્ચર્સ અને ઉદ્યોગ સાહસિકો ના પ્રદર્શન દ્વારા મહિલા ઓ પણ, ઉદ્યોગ ક્ષેત્રે અને સ્ટાર્ટ અપ ક્ષેત્રે ઘણું કાર્ય કરી શકે છે અને પોતાનો સફળ વ્યવસાય શરુ કરી શકે છે તે બાબતે પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને કોઈ નવા વિચાર સાથે પોતાનો પ્રોજેક્ટ બનાવવા, તેની પેટન્ટ ફાઈલ કરવા અને એક સારી પ્રોડક્ટ બનાવી ને તેને માર્કેટ માં કઈ રીતે લઇ જઈ શકાય તે બાબત સમજાવી ને, માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ચૌધરી ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ ખાતે શપથ સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

ચૌધરી ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગમાં બેઝીક બી.એસ.સી નર્સિંગ અને જી.એન. એમના પ્રથમ વર્ષના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો કૉલેજ કેમ્પસ ખાતે તા. ૫મી ફેબ્રુઆરીના રોજ લેમ્પ લાઈટનીંગ અને શપથ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંલગ્ન કૉલેજ અને શાળાના વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા.

આ કાર્યક્રમમાં હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર વિભાગના એડિનશલ સેક્રેટરી વી.જી. વણઝારા, ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના ફાઉન્ડર હિરેનભાઈ જે. ચૌધરી, આઈ. ડી. ચૌધરી, મયુર ડામોર, ડી.જી. ચૌદરી, મણિભાઈ ચૌધરી, માધુભાઈ ચૌધરી,એસ.આર. ચૌધરી, એન.એન. ચૌધરી, યશવંતભાઈ ચૌધરી, ડૉ. મયુક જૈન, તથા સ્ટાફ મિત્રો દ્વારા વિદ્યાર્થીઓનો અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જગજીતસિંગની ૭૯મી જન્મ જયંતિ નિમિત્તે સ્મરણાંજલિ આપતો કાર્યક્રમ 'શામ-એ-ગઝલ' યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

અરવિંદ વોરા દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી તેમજ શ્રી મનોરંજન મ્યુઝીકલ સ્ટુડીયોની મદદથી આયોજીત ગઝલસમ્રાટ જગજીતસિંગને તેમની ૭૯મી જન્મ જયંતિ નિમીતે સ્મરણાંજલિ આપતો કાર્યક્રમ 'શામ-એ-ગઝલ' તા. ૧૫મી ફેબ્રુઆરી શનિવારે રાત્રે ૯-૦૦ કલાકે આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાયો હતો.




આ કાર્યક્રમમાં ગાયક કલાકાર નીરવ શ્રીમાળીએ જગજીતસિંઘની સુપ્રસિદ્ધ ગઝલોની પ્રસ્તુતિ કરી હતી. તેમજ તબલાવાદન અરવિંદ વોરા, ગીટાર અને વાંસળીવાદન સુંદર જાલોરા, કી- બોર્ડ વાદન હિતેષ ગોહિલ તથા ઓક્ટોપેડ વાદન કંચન લંગલે આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન બિજય તિવારીએ કર્યુ હતુ. આ કાર્યક્રમના આયોજન માટે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયોના જનકબા અજિતસિંહજી પરમાર, આર.કે. રાવલ અને શ્રવણકુમાર પરમારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સિધ્ધાર્થ મિરેકલ્સ શાળાના બાળકો દ્વારા કેન્સર સામે ઝુંબેશ



ગાંધીનગર, તા. ૧૭

કેન્સર એક મહાવ્યાધિ છે. કેન્સર ન થાય તેના માટે આગમચેતીના પગલાં લેવા જરૂરી છે. માણસની કુટેવો જેવી કે ધુમ્રપાન, તમાકુ તથા મદિરાપાન તથા ખાણીપીણી આપણને કેન્સરના માર્ગે દોરી જાય છે તેથી કરીને આપણા શરીરમાં કેન્સરજન્ય જીવાણઓનો ઝડપથી ગુણાકાર થતો જાય છે.

આપણાં શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે તેવો ખોરાક જેમ કે લસણ, આદું, હળદરના ઉપયોગથી કેન્સરને ઉદભવતો અટકાવી શકાય છે. એકવાર કેન્સર થયા પછી સમયસર પગલાં લેવામાં ના આવે તો તેને નાથવોખૂબ જ મુશ્કેલ બની જાય છે.

આપણી ગુજરાતી ભાષામાં કહેવાય છે કે "ચેતતો નારા સદા સુખી". આથી આપણે આ રોગની શંકા થતા જ તાબડતોડ પગલાં જેવા કે પેથોલોજીક લેબોરટરી માં પ્રાથમિક પરીક્ષણ કરાવી લેવું જરૂરી છે. આપણી જીવનશૈલી આપણે એવી રાખીએ જેથી કરીને કેન્સર થવાને કોઈ અવકાશ જ ન રહે.

સિધ્ધાર્થ મિરેકલ્સ શાળાના બાળકોએ 'કેન્સર દિવસ'ની ઉજવણી કરીને લોકોમાં તેના પ્રત્યેની જાગરૂકતા વધે તથા તેને અટકાવવાના પગલાં લે. બાળકોએ વિવિધ પ્રકારના ચિત્રો દોરીને પોતાના વિચારોની અભિવ્યક્તિ કરી હતી.

## ૨૧મીએ કવિ 'કાન્ત'ના જીવન-કવન પર આધારિત દ્વિઅંકી નાટક 'જળને પડદે' ભજવાશે



ગાંધીનગર, તા. ૧૮

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા,ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી, તારીખ:૨૧ ફેબ્રુઆરી ૨૦૨૦, શુક્રવારના રોજ,સાંજે ૫-૩૦ કલાકે, રા.વિ.પાઠક સભાગૃહ,ગુજરાતી સાહિત્ય પરિષદ,આશ્રમ રોડ,અમદાવાદ ખાતે વિશ્વ માતૃભાષાદિનની ઉજવણી નિમિત્તે,ગરવા ગુજરાતી કવિ,નાટ્યકાર મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' ની સાર્ધ શતાબ્દીની સ્મૃતિવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે સતીશ વ્યાસ લિખિત,શ્રી કમલ જોષી દિગ્દર્શિત-અભિનીત, કવિ 'કાન્ત'ના જીવન-કવન પર આધારિત દ્વિઅંકી નાટક 'જળને પડદે' ભજવાશે.

આ નાટકને માણવા કવિ'કાન્ત'ના પરિવારજનો, સાહિત્યકારો,સાહિત્ય પ્રેમીઓ તથા નાટ્ય પ્રેમીઓ ઉપસ્થિત રહેશે. આ નાટક માણવા માટે કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.વિશ્વમાતૃભાષા દિનની ઉજવણી કરવા આપને નાટક માણવા ભાવભીનું નિમંત્રણ છે.

## સરસ્વતી ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ ધણપ ખાતે

# આંતરરાષ્ટ્રીય ઈન્ડો-યુ.એસ. કોન્ફરન્સ યોજાઈ






ગાંધીનગર, તા. ૧૮

સરસ્વતી ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ, ધણપ - ગાંધીનગર દ્વારા ૯મી આંતરરાષ્ટ્રીય ઈન્ડો-યુ.એસ. કોન્ફરન્સ એ.પી.પી. (એસોસીએસન ઓફ ફાર્મસી પ્રોફેસન) અમેરિકન ઈન્ટરનેશનલ શાખા તથા એ.પી.પી. સ્ટેટ બ્રાન્ચ ઓફ ગુજરાત ના સહયોગ થી છઠ્ઠી ફેબ્રુઆરીએ "એજ્યુકેશન એન્ડ રિસર્ચમાં એડવાન્સિસ અને ચેલેન્જિસ" વિષય ઉપર આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનાર માં ભારતભરની ૩૭ જેટલી ફાર્મસી કોલેજ ના ૩૨૦થી વધુ વિધ્યાર્થીઓ તથા શિક્ષકો એ ભાગ લીધો હતો. સેમિનાર માં વિવિધ સ્પર્ધાઓ જેવીકે ઈ-પોસ્ટર તથા ફાર્મા કેનવાસનું આયોજન કરાયું હતું. જેમાં વિજેતા થનાર વિધ્યાર્થીઓ ને ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત મુખ્ય મહેમાન ડો.એમ.એમ.પટેલ (ઉપકુલપતિ, સાબરમતી યુનિવર્સિટી), મહેમાન અતિથિ કપિલ શાહ (નાર્કોટીક નિરીક્ષક અને ભૂતપૂર્વ સચિવ ગૃહ મંત્રાલય, ભારત સરકાર), સંસ્થાના ટ્રસ્ટી શ્રી કે.જી. પટેલ (પ્રમુખ, સરસ્વતી એજ્યુકેશન સંસ્થા ટ્રસ્ટ), કન્વીનર ડો.એસ.કે.શાહ, ડૉ.સુનિતા ડાહિયા (એપીપી, જનરલ સેક્રેટરી, ફાર્માસ્યુટિકલ સાયન્સ વિભાગ, સ્કૂલ ઓફ ફાર્મસી, યુનિવર્સિટી ઓફ પ્યુઅર્ટો રિકો, સેન જુઆન, પી.આર., યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકા) દ્વારા દીપ-પ્રાગટ્ય સાથે થઈ હતી. મહેમાનો અને આચાર્ય દ્વારા સંસ્થાના "અવલોકન (ઈ-ન્યૂઝ લેટર)" નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એ.પી.પી. દ્વારા વિવિધ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા જેવા કે શ્રેષ્ઠ ફાર્મસીસ્ટ, શ્રેષ્ઠ રિસર્ચ ગ્રાન્ટ, શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ રિસર્ચર, શ્રેષ્ઠ કન્ટ્રીબ્યુટર અને શ્રેષ્ઠ વિદ્યાર્થી.

સંસ્થાના પ્રમુખ કે જી.પટેલ સર દ્વારા બધા સહભાગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. શ્રી કપિલ શાહના ભાષણમાં આપણા સમાજમાં ફાર્માસિસ્ટના ફાળો અને મહત્વને પ્રકાશિત કરવામાં આવ્યો છે. મુખ્ય અતિથિ, ડૉ. એમ. એમ. પટેલે વિદ્યાર્થીના વ્યક્તિત્વને કેળવવા માટે શિક્ષકની ભૂમિકા તેમજ ફાર્માસિસ્ટની ભૂમિકા અંગેના તેમના મૂલ્યવાન વિચારો શેર કર્યા. સેમિનાર નો ઉદ્દેશ્ય વિધ્યાર્થીઓ માં રહેલી સુષુપ્ત આંતરિક શક્તિઓ ને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બહાર લાવી અને વિશ્વ માં ફાર્મસીસ્ટ ની આરોગ્ય માં ભૂમિકા અંગે માહિતગાર કરવાનો હતો.

સમાપન સત્રમાં ડો.બી.એન. સુહાગિયા (ઓર્ગેનાઈઝિંગ ચેરમેન અને ડીન, ફાર્મસી ફેકલ્ટી ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડિયાદ) ને મુખ્ય અતિથિ તરીકે તથા કિરણેન્દુ આર્ય (આઈઆરએએસ, વિભાગીય નાણા વ્યવસ્થાપક પશ્ચિમ રેલ્વે, ભારત) ને મહેમાન અતિથિ તરીકે આમંત્રિત કર્યા હતા. અતિથિ અને નિરીક્ષકોને મોમેન્ટો અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ કિરણેન્દુ આર્યએ જીવનના સંઘર્ષ અને લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે તેને કેવી રીતે દૂર કરવું તે અંગે પ્રેરક ભાષણ આપ્યું. તેમણે ટૂંકમાં તેમની જીવનયાત્રા પણ સમજાવી. મુખ્ય અતિથિ, ડો.બી. એન. સુહાગિયાએ સંશોધન અને નવીનતામાં ફાર્માસિસ્ટની ભૂમિકા અંગેના તેમના મૂલ્યવાન વિચારો શેર કર્યા. તેમણે સંશોધન પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું અને શિક્ષણવિદોને વધુને વધુ પેટન્ટ મેળવવા અને સંશોધન ક્ષેત્રે ફાળો આપવા પ્રેરણા આપી.

મુખ્ય મહેમાન ડો.બી.એન. એન.સુહાગિયા, મહેમાન અતિથિ કિરણેન્દુ આર્ય, આશ્રયદાતા કે.જી. પટેલ, ડો.મેહુલ પટેલ અને નિરીક્ષકો દ્વારા એનાયત કરાયેલા કાર્યક્રમોના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપ્યા હતા. ડો.કૌશિક બી. કનાડાએ આ પ્રસંગને સફળ બનાવવા માટે સખત તેમજ સ્માર્ટ કાર્ય કરનાર સૌનો આભાર માન્યો હતો. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમની સમાપન કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

એક સુખી જીવન જીવવા માટે માણસને સાધુ નહીં સીધું થવાની જરૂર છે...

## જન્મદિને વધામણી



બિપીન રાવલ
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મેનેજિંગ ટ્રસ્ટી,
શાંતિનિકેતન સ્કૂલ
મો. ૯૪૨૯૪ ૩૭૫૭૫



ચેતના બુચ
પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ
મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮



તન્વી મુંજાલ રાવલ
મો. ૯૯૭૮૯ ૬૭૮૦૯



પ્રણવ અમૃત ચૌધરી
મો. ૮૯૮૦૮ ૯૬૫૪૭



આર્યન જનકભાઈ પટેલ
મો. ૯૮૭૯૬ ૮૭૨૭૬



કંચન જે પ્રજાપતિ
લાયોનેસ કલબ

## પદ્માબેનની લોકહિતની પ્રશંસનીય પ્રવૃત્તિ

ગાંધીનગર, તા. ૧૮

પદ્માબેન વ્યવહાસિક પ્રવૃત્તિ તરીકે પાટણમાં તબીબ છે. સાથોસાથ સેવાકીય પ્રવૃત્તિ કરે છે. અને અનેક સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓમાં સેવા આપી રહ્યા છે. તેઓ પ્રામાણિક, શિસ્તપ્રિય, સિદ્ધાંતવાદી છે. જીવનમાં મૂલ્યો માટે કોઈ બાંધછોડ કરતા નથી. વિનયી નમ્ર પ્રેમાળ છે.

ડૉ. પદ્માબેન જૈન છે. જૈનો વાસી કે અનગળ પાણી પીતા નથી. તેઓ જયારે જયારે તીર્થયાત્રામાં જાય છે ત્યારે તેમની પાણીના નળને બાંધી શકાય તેવી સંખ્યાબંધ કોથળીઓ સાથે લઈ જાય છે. કોથળીઓ માટેનું કાપડમ સ્વખર્ચે લાવી જાતે શિવણકામ કરીને લોકોને ચોખ્ખું પાણી પીવા મળે છે. તેમજ પાણીજન્ય રોગોથી બચી શકાય તે હેતુથી કોઈ પણ કિંમત લીધા સિવાય વિતરણ કરે છે. ઘરમાં દરેક નળને આ કોથળી બાંધવા માટે તેઓ આગ્રહ કરે છે. તેમની લોકહિતની પ્રવૃત્તિ બિરદાવવા યુક્ત છે.